ગાંધીનગરના યુવકને મોડીરાત્રે કોરોના પોઝિટિવ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના યુવકને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં છેલ્લા બે દિવસથી દાખલ કરાયો હતો જેને શુક્રવારે મોડીરાત્રે કોરોના પોઝિટિવ નોંધાતા વહીવટીતંત્ર અને આરોગ્ય તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી. છેલ્લા સપ્તાહમાં દુબઈથી ગાંધીનગર આવેલ યુવકે અગાઉ ગાંધીનગરમાં ખાનગી અને ડૉક્ટરોને ખાંસી-ઉધરસની ફરિયાદ કરી હતી. જોકે બધી જ જગ્યાએથી સિવિલ હોસ્પિટલમાં જવાની સલાહ મળતા તે અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચ્યો હતો. જ્યો આઈસોલેશન વૉર્ડમાં દાખલ કરાયો હતો. આજે મોડી સાંજે પુનાથી કોરોનાનો રિપોર્ટ આવતા કોરોના વાયરસ પોઝિટિવ હોવાનું કન્ફર્મ થયું હતું. જો કે સત્તાવાર જાહેરાત શનિવાર સવારે આરોગ્ય સચિવ કરશે એમ મનાય છે.

મોડીરાત્રે કલેક્ટર સહિત ઉચ્ચ અધિકારીઓ તેની ટ્રાવેલ હિસ્ટ્રી તથા સંપર્ક સ્થાનોની માહિતી મેળવી તાકિદના પગલા લેવા અલગ અલગ ટુકડીઓ બનાવી હતી.

શહેર-જિલ્લાના મોલ અને રેસ્ટોરન્ટ બંધ રાખવા આદેશ

ગાંધીનગર જિલ્લાના જનસેવા કેન્દ્રો, ઇ-ધરા કેન્દ્રો, સબરજિસ્ટ્રાર કચેરી, આધાર કેન્દ્રો જેવા લોક ધસારાવાળા કેન્દ્રોની કામગીરી આજથી બંધ રહેશે : મોલ અને રેસ્ટોરન્ટ બંધ રાખવાની રેહશે : રેસ્ટોરન્ટમાંથી માત્ર ફૂડ પાર્સલ તથા હોમ ડિલેવરી આપી શકાશેઃ કિરાણા અને દવાની દુકાન ખુલ્લી રાખી શકાશે

ગાંધીનગર

હાલમાં સમગ્ર વિશ્વ સહિત દેશમાં નોવેલ કોરોના વાયરસથી સામાન્ય જનજીવનમાં ભયનો માહોલ ફેલાયો છે. આ વાયરસથી બચવા અને તેને નાથવા માટે માત્ર સાવચેતીની જરૂર છે. વાયરસથી લોકોને બચાવવા માટે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રએ કલેકટર શ્રી ડા. કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ સુચારું આયોજન કર્યું છે.

નોવેલ કોરોના વાયરસને ફેલતો અટકાવવાના ભાગરૂપે જિલ્લા કલેકટર શ્રી ડા. કુલદીપ આર્યની સૂચનાથી આવતીકાલ તા. ૨૧મી માર્ચના રોજથી કલેકટર કચેરી સહિત તાલુકા કક્ષાના જન સેવા કેન્દ્ર, ઈ-ધરા કેન્દ્ર, સબરજિસ્ટ્રાર કચેરી, આધાર કેન્દ્ર જેવા ભારે લોક ધસારો રહેતા સેવા કેન્દ્રોના કાર્યો હંગામી ધોરણે બંધ કરવામાં આવશે.

તે ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં વધુ પ્રમાણમાં એકઠા થતાં મોલ અને રેસ્ટોરન્ટને બંધ રાખવાનો આદેશ પણ જિલ્લા કલેકટરશ્રીએ કર્યો છે. રેસ્ટોરન્ટમાં અગાઉથી બુકીંગ કરાવનારને માત્ર તેમનું ફૂડ પાર્સલ અને પેકિંગને હોમડિલિવરી કરી શકશે. પરંતુ રેસ્ટોરન્ટ અને

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં સ્વાઈન-ફ્લુનો ચોથો કેસ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લામાં આજે સ્વાઈન ફ્લુનો ૪ કેસ નોંધાતા આરોગ્ય તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. મળતી વિગતો પ્રમાણે રાંદેસણનો આ યુવાન છેલ્લા કેટલાક દિવસથી વિવિધ રાજયોના પ્રવાસેથી પરત ફર્યો હતો અને તેણે શરદી, કફની ફરિયાદ કરી હતી. આ પછી સિવીલ હોસ્પિટલમાં આજે તેનો ટેસ્ટ કરાતાં આ યુવાનને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩ કેસ સ્વાઈન ફલુના નોંધાયા છે જેમાં એક મહિલા દર્દી છે. જયારે કેસ ગાંધીનગર શહેરનો છે. જિલ્લામાં સ્વાઈન ફલુના કેસો જે ઝડપથી વધી રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યું છે. જિલ્લામાં આવા કેસો પર પણ તંત્ર ગંભીરતા સાથે સતર્ક બની નજર રાખી રહ્યું હોવાનું જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાવલે જણાવ્યું છે.

હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં જિલ્લામાં ૨૦ શંકાસ્પદ દર્દી મળ્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન કોરોનાના ૨૦ શંકાસ્પદ દર્દી જણાયા છે તે પૈકી ૧૩ દર્દીઓએને રિફર કરવામાં આવ્યા છે તેવુ આરોગ્ય વિભાગ દ્વારા આજે જારી કરાયેલ નિવેદનમાં જણાવાયુ છે.

શંકાસ્પદ દર્દીઓમાંથી ૧૩ને રિફર કરવામાં આવ્યા છે : ૧૯૬ પ્રવાસી અને ૭૦૨ તેમના સંપર્ક વ્યક્તીઓ મળી ૮૯૮ વ્યક્તીઓ તંત્રના રડારમાં : જિલ્લા વિકાસ અધિકારીએ પણ ખાસ ટીમો બનાવી પ્રવાસીઓના કોન્ટેક્ટ ટ્રેસ કરવા જણાવ્યુ : જિલ્લા આરોગ્ય તંત્ર

આ નિવેદનમાં જણાવ્યા મુજબ ગાંધીનગર તાલુકામાંથી ૧૧ સંકાસ્પદ દર્દી મળ્યા હતા જેમાંથી ૭ ને રિફર કરવામાં આવ્યા છે, દહેગામમાંથી ૪ દર્દી મળ્યા હતા જેમાંથી ૨ ને રિફર કરવામાં આવ્યા છે, માણસામાંથી પાંચ દર્દી મળ્યા હતા જેમાંથી ૪ દર્દી રિફર કરવામાં આવ્યા છે. કલોલમાંથી એક પણ શંકાસ્પદ દર્દી મળી આવેલ નથી.

તંત્રના જણાવ્યા પ્રમાણે ૧૭૧ ટીમો દ્વારા સર્વેલન્સનો એક રાઉન્ડ પૂર્ણ થઈ ગયેલ છે અને બીજા રાઉન્ડમાં ૮૫૫૦ ઘરોની તપાસ પૂર્ણ થઈ છે. જિલ્લામાં ૩,૭૬,૪૪૩ લોકોનો સર્વે કરેલ છે.

આ યાદીમાં જણાવ્યા મુજબ જિલ્લામાં આજ દિન સુધી કુલ ૧૮૯ પેસેન્જર આવેલ છે. આજરોજ ૮૬ પેસેન્જર હોય કોરન્ટાઈલમાં છે. આ ૮૬ પેસેન્જરના ઘરે આરોગ્યના અધિકારીઓ દ્વારા દરરોજ મુલાકાત લઈ પેસેન્જર અને તેમની સાથે રહેતા કોન્ટેક્ટને પણ તપાસવામાં આવે છે. ૮૬ પેસેન્જરના ૩૬૧ કોન્ટેક્ટ પર્સન છે તેમાં પણ કોઈ કોરોનાના લક્ષણો જણાયા નથી.

દરમ્યાન જિલ્લા કલેકટરશ્રી દ્વારા સાંજે જારી કરાયેલ અખબારી યાદીમાં જણાવાયા મુજબ આજે વધુ સાત પેસેન્જરો વિદેશથી આવ્યા છે અને ૧૯૬ પ્રવાસીઓનુ સ્ક્રિનીંગ પણ કરવામાં આવ્યું છે.

આ ૧૯૬ પ્રવાસીઓ અને ૭૦૨ જેટલા તેમના સંપર્ક વ્યક્તીઓ પણ જિલ્લાતંત્રના રડારમાં છે.

બીજી તરફ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા ૨૩ જેટલી ટીમો બનાવી પેસેન્જરના લીસ્ટમાંથી રેન્ડમલી પસંદગી કરી તેમની ગૃહ મુલાકાત લઈ હોય કોરોન્ટાઈન ફોર્મ ભરવા તેમજ કોન્ટેક્ટ ટ્રેસ કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

શહેરના નાગરિકોને જનતા કરફ્યુમાં જોડાવા મેયરની અપીલ

દસથી વધુ માણસો એકઠા થતા હોય તેવા ગલ્લા, ધાર્મિક સ્થાનો, મોલ, રેસ્ટોરન્ટ પણ ૩૧મી સુધી બંધ રાખવા મેયરે જણાવ્યુ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં કોરોનાના કહેર ના થાય તે માટે મનપાના મેયર દ્વારા આજે યોજાયેલ બેઠક બાદ કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા તેમજ રવિવારના જનતા કરફ્યુની પ્રધાનમંત્રીની અપીલનું સમર્થન કરવા લોકોને અપીલ કરવામાં આવી છે.

મેયર રીટાબેન પટેલના અધ્યક્ષસ્થાને મળેલ આ બેઠકમાં આ ગંભીર સંકમણને ટાળવા તંત્ર દ્વારા લેવાયેલ પગલાંઓ અંગેની જાણકારી આપવામાં આવી હતી અને હવે શું કરવા માંગીએ છીએ તેની ચર્ચા કરી નિર્ણય લેવામાં આવ્યો હતો.

આજરોજથી શહેરી વિસ્તારમાં પાન-ગલ્લા, ખાણી-પીણીના બજારો, નોનવેજની દુકાનો તેમજ રસના કોલાઓ, ટ્યુશન ક્લાસીસ, મોલ, હોટલો-રેસ્ટોરન્ટ, થિયેટર, તમામ ધાર્મિક સ્થળો તેમજ ધાર્મિક પ્રસંગો વગેરે કે જ્યાં ૧૦ થી વધુ માણસો એકઠા થતા હોય તે તમામ બંધ કરવા જણાવવામાં આવ્યુ તેમજ જીવન જરૂરીયાત ન હોય તે સિવાયની

● અનુસંધાન પાન-૭ પર

શહેરના હાર્દસમો સ્વર્ણિમ પાર્ક ૩૧ માર્ચ સુધી બંધ રહેશે

કોરોના વાયરસના લીધે સાવચેતી દાખવવા નિર્ણય લેવાયો : પાર્કના તમામ દરવાજા બંધ રખાશે

ગાંધીનગર તા ૨૦

કોરોના વાયરસથી બચવા માટે રવિવારે જનતા કરફ્યુ અંતર્ગત શહેરના નાગરિકો ઘરમાં રહેશે. વેપાર ધંધા અને એસ ટી બસો પણ બંધ રહેશે. જયારે કોરોનાથી બચવા સાવચેતીના ભાગરૂપે નગરના હાર્દસમા સ્વર્ણિમ પાર્કને પણ આગામી તા ૩૧ માર્ચ સુધી બંધ રાખવા માટે નિર્ણય કરાયો છે. જેથી આજથી સ્વર્ણિમ પાર્કમાં કોઈ પણ નાગરિકોને અન્ટ્રી આપવામાં આવશે નહીં.

કોરોનાના લીધે આગામી ૨૨ એપ્રિલના રોજ જનતા કરફ્યુનો અમલ કરવા માટે આમ નાગરિકો સજજ બન્યા છે. રવિવારે રજાના દિવસે ઘરની બહાર ન નિકળી જનતા કરફ્યુનો અમલ કરવામાં આવશે. જયારે ઝડપથી ફેલાતા ચેપી કોરોના રોગને અટકાવવા માટે રોજબરોજ નવા નિર્ણયો અમલી બનાવાય છે. નાગરિકો ભેગા ન થાય તેમજ કોરોનાના વધુ કેસ આવતા અટકાવી શકાય તેવા આશયથી સરકાર દ્વારા જરૂરી તમામ આવશ્યક પગલા લેવામાં આવી રહ્યા છે. જયારે શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓની ભીડ ઉભરાય છે. ગરમીના દિવસો પણ શરૂ થઈ ગયા છે. જયારે હાલ શાળા કોલેજોમાં પણ રજાઓ છે. ત્યારે સ્વર્ણિમ પાર્કમાં વધુ ભીડ ભેગી થાય છે. રાત્રિના સમયે પણ સહેલાણીઓ કલાકો સુધી અડ્ડો જમાવીને બેઠેલા નજરે પડે છે. ત્યારે કોરોના વાયરસથી બચવા માટે માર્ગ મકાન વિભાગે સ્વર્ણિમ પાર્ક બંધ રાખવાનો નિર્ણય લીધો છે. તા ૨૧ થી ૩૧ માર્ચ સુધી સ્વર્ણિમ પાર્કના તમામ ગેટ પર તાળા વાગેલા જોવા મળશે. પાર્કના તમામ દરવાજાઓ બંધ રહેશે. સાવચેતીના ભાગરૂપે સ્વર્ણિમ પાર્ક સંપુર્ણ બંધ રહેશે. આમ નાગરિકો સહીત કોઈને પણ પાર્કમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. કોરોના વાયરસના લીધે પ્રધાનમંત્રીએ આગામી તા ૨૨ માર્ચના રોજ જનતા કરફ્યુનો અમલ કરવા માટે પણ દેશવાસીઓન અપીલ કરી છે. ત્યારે નગરના વેપારીઓ સહીત મોટાભાગના નાગરિકો આ જનતા કરફ્યુનો અમલ કરવા માટે સજજ છે. બીજીતરફ મોટી સંખ્યામાં નાગરિકો ભેગા ન થાય તેવા જાહેર સ્થળો પર ધીમે ધીમે રોક લગાવામાં આવી રહ્યો છે. સ્વર્ણિમ પાર્ક પણ આ પૈકીનુ એક સ્થળ હોવાથી સાવચેતીના ભાગરૂપે આ નિર્ણયનો શનિવારથી અમલ કરવામાં આવશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

જિલ્લા પંચાયતનું ચૂંટણીલક્ષી બજેટ મંજૂર

સભ્યોને વિસ્તારમાં વિકાસ કામો માટે ૬૦ લાખ; આદર્શગ્રામના પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ૧૦ લાખ તેમજ જિલ્લા પંચાયતના મકાનના આધુનિકરણ માટે ૩ કરોડની જોગવાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ મંગુબેન શ. પટેલે આજે તેમનુ અંતિમ ચૂંટણીલક્ષી બજેટ રજુ કરી અંદાજપત્રમાં રૂ. ૧૭ કરોડની પુરાંત દર્શાવી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે પાર્કિંગ પ્લોટમાં મળેલ સામાન્ય સભામાં ૨૦૨૦-૨૧નું અંદાજપત્ર રજુ કર્યુ હતુ. જેના પરની ચર્ચામાં ભાગ લેતાં કોંગીના નાથુજી મકવાણાએ જણાવ્યું હતું કે જિલ્લા પંચાયતના પ્રમુખ હસ્તક વિકાસના કામો માટે મુકવામાં આવેલ રૂ. બે કરોડમાંથી દરેક તાલુકાને એક સરખો હિસ્સો મળવો જોઈએ તેવી ઉગ્ર રજુઆત કરી હતી જે ગ્રાહ્ય રાખવામાં આવી હતી.

આ અંદાજપત્રમાં જિલ્લા પંચાયતની મર્યાદિત આવક હોવા છતાં વિવિધ યોજનાઓ માટે મહત્વની જોગવાઈઓ કરવામાં આવી છે. આ અંદાજપત્રમાં જિલ્લા પંચાયતના નવા મકાન માટે સરકાર જગ્યા ફાળવતી ન હોવાથી પંચાયતે તેની મરામત-જાળવણી નિભાવણી સહિત વિવિધ કામગીરી માટે રૂ. ૩ કરોડની જંગી રકમ ફાળવી છે.

જિલ્લામાં ગૌચર વિકાસ અને સુધારણા કાર્યક્રમ માટે રૂ. ૧ કરોડ, પ્રાકૃતિક ખેતી યોજનાના પ્રચાર પ્રસાર માટે ખેડૂત શિબિર અંગે તથા પત્રિકા, ફોર્મ-રજીસ્ટર નિભાવવા સહિતના ખર્ચ માટે રૂ. ૩ લાખની જોગવાઈ કરી છે.

તાલુકા કક્ષાએ આઈ.સી.ડી.એસ.ની કચેરીના નવીનીકરણ માટે રૂ. ૧૦ લાખ, ખેતીવાડીક્ષેત્રે નવી સ્ટોરેજ યુનિટ બનાવવા માટે ૧૦ લાખની જોગવાઈ ઉપરાંત સરકારી સિંચાઈ પાતાળકુવાના પંપરૂપ, ઓપરેટરરૂપ કુંડી અને આનુસંગિક કામગીરી સારૂ મરામત અર્થે રૂ. ૯.૯૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

આ બજેટમાં સભ્યોના વિસ્તાર વિકાસના કામો માટે રૂ. ૬૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં રૂ. ૪૫ લાખના કામો સભ્યો સૂચવી શકશે અને રૂ. ૧૫ લાખના કામો માટે પ્રમુખશ્રીને સત્તા આપવામાં આવી છે.

જિલ્લામાં ૨૦ આદર્શ ગામ બનાવવા માટે ખૂટતી કડીના

● અનુસંધાન પાન-૭ પર

પાર્કિંગ પ્લોટમાં પહેલીવાર સામાન્ય સભાની બેઠક મળી

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે સામાન્ય સભા પહેલીવાર પાર્કિંગ પ્લોટમાં ખુલ્લામાં મળી હતી.

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પ્લાસ્ટીકની ખુરશીઓ મુકી અને સભ્યોને બેસવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સભ્યોએ સભામાં આવતા પહેલાં સેનેટાઈઝરનો ઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત અધિકારીઓએ પણ સેનેટાઈઝરનો ઉપયોગ કર્યો હતો.

સભાસ્થળથી થોડે દૂર ખાસ ઉકાળા વિતરણ કરવામાં આવ્યુ હતુ તેમજ સભ્યોને કોરોના સામે પ્રતિરોધક હોમિયોપેથી દવાનું પણ વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ બેઠક શરૂ થતાં કોરોના અટકાવવા સતર્ક બનીએ તેવી એક પેજની શું કરવું, શું ના કરવું તેનું લીફલેટ પણ સૌને વિતરીત કરવામાં આવ્યુ હતુ.

જિલ્લા પંચાયતની કચેરી માટે ૩ કરોડથી વધુ જોગવાઈ કરાઈ

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ બેઠકમાં જિલ્લા પંચાયતના મકાનને લઈ કરાયેલ મહત્વપૂર્ણ જોગવાઈઓ આ પ્રમાણે છે.

- જિ.પં. કચેરી કચેરી હસ્તકની બીલ્ડીંગમાં વોટર હાર્વેસ્ટીંગ કરવા અર્થે રૂ. ૭૦.૦૦ (લાખ)
- જિલ્લા પંચાયતના મકાનના વિસ્તરણ/મરામત/ તેમજ રૂપટોપ સોલર સિસ્ટમ તેમજ જાણવણી ખર્ચ/ જિ.પં. કલર ખર્ચ/ જિ.પં.માં વાયરીંગ/ ફ્લોરીંગ રીનોવેશન રૂ. ૧૫૦.૦૦ (લાખ)
- જિલ્લા પંચાયતમાં સ્ટોરેજ કપવોર્ડ અર્થે રૂ. ૪૦.૦૦ (લાખ)
- જિ.પં. ભવન પ્લીંથ પ્રોટેક્શન અને બહારનું પ્લાસ્ટર અર્થે રૂ. ૩૦.૦૦ (લાખ)
- જિ.પં. ભવનમાં ડ્રેનેજ વોટર સપ્લાય રીપેરીંગ અર્થે રૂ. ૧૦.૦૦ (લાખ)
- જિ.પં. કમ્પાઉન્ડમાં પાણીનો બોર તેમજ સબમર્સીબલ પંપ અર્થે રૂ. ૯.૦૦ (લાખ)
- કર્મચારીઓના અવસાન બાદ કુટુંબીજનોને સહાય અર્થે રૂ. ૧૦.૦૦ (લાખ) (કર્મચારી દીઠ રૂ. ૧.૦૦ (લાખ)
- જિલ્લા પંચાયતના કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોને ગંભીર માંદગીમાં મદદરૂપ થવા વ્યાજ મુક્ત લોન સહાયની જોગવાઈ રૂ. ૧૦.૦૦ (લાખ)

મનરેગાનું લેબર બજેટ નવ કરોડ ૧૮ લાખનું

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં મનરેગા દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧માં ૩ લાખ ૯ હજાર ૬૦૦ માનવદિન રોજગારી ઉત્પન્ન કરવા માટે રૂ. ૯૧૮.૯૦ લાખનું લેબર બજેટ આજે પંચાયતની સામાન્ય સભામાં રજુ કરવામાં આવ્યુ હતુ.

લેબર બજેટ સમય-મર્યાદામાં નહિ પહોંચ્યુ હોવાનું સભ્યોએ રોષપૂર્વક જણાવ્યુ હતુ.

જિલ્લામાં ૯૨૧ કામો થકી ૩ લાખ છ હજાર માનવદિન રોજગારી ઉત્પન્ન કરવામાં આવશે

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આમાં કેમ વિલંબ થયો અને કોણ જવાબદાર છે તેની તપાસ કરી કડક ચીમકી આપવાની ખાત્રી આપતાં મામલો શાંત પડ્યો હતો.

આ બજેટમાં ૯૨૧ કામો કરવાનું આયોજન કરવામાં આવેલ છે તેમજ યોજના હેઠળ આયોજન કરેલ કામો પૈકી રૂ. ૬૦૯.૧૦ બિનકુશળ ગ્રામીણ રોજગારોને રોજગારી પેટે તથા માલસામાન પેટે રૂ. ૩૦૯.૮૦ લાખનો ખર્ચ કરવાનો અંદાજ અંદાજપત્રમાં રજુ કરવામાં આવ્યો છે.

આ બજેટમાં જણાવ્યા પ્રમાણે જિલ્લાના ચાર તાલુકામાં ૬૩૦ જેટલા કામો સૂચવવામાં આવ્યા છે જ્યારે લાઈન ડિપાર્ટમેન્ટ દ્વારા ૨૯૧ કામો સૂચવવામાં આવ્યા છે. આ કામો થકી જિલ્લામાં ૩,૦૯,૬૦૦ માનવદિન રોજગારી ઉત્પન્ન થશે.

આ બજેટમાં જણાવ્યા મુજબ જિલ્લામાં શ્રમિકોને દૈનિક સરેરાશ વેતન રૂ. ૧૮૩ જેટલુ મળે છે.

આજે બજેટની કોપી મોડી રજુ થઈ હતી તેમજ તેના અભ્યાસ માટે પુરતી તક મળી ન હોવાનું અરવિંદસિંહ સોલંકી, નરેશ ઠાકોર, બેચરજી ઠાકોર સહિતના સભ્યોએ જણાવ્યુ હતુ.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com